આ ઉપરાંત પશુઓથી ખેંચાતા વાહનો જેમકે ઉંટગાડીઓ, બળદ ગાડી ઉપર હેડલાઈટ ન હોવાથી માત્ર રીફલેકટર લગાડવા માટે સ્વૈચ્છીક સંસ્થાઓના સહકારથી તે સંસ્થાઓના ખર્ચે રીફલેકટર લગાડવા માટે પણ ઝુંબેશ શરુ કરવા જણાવવામાં આવે છે. પશુઓથી ખેંચાતા વાહનોની પાછળ રીફલેકટર લગાડવાનો ખર્ચ વાહન માલિક/ચાલક પાસેથી લેવાનો નથી.

ઉપર દર્શાવ્યા મુજબ કેટલા મોટર વાહનો ઉપર પીળો પટ્ટો કરવામાં આવ્યો તથા રીફલેકટર લગાડવામાં આવ્યા તથા કેટલા પશુઓથી ખેંચાતા વાહનો ઉપર રીફલેકટર લગાડયા તે અંગેનો માસિક અહેવાલ ત્યાર પછીના માસની દસમી તારીખ સુધામાં અત્રે અચુક મોકલી આપવા જણાવવામાં આવે છે. આ કામે જીલ્લા કલેકટરશ્રીનો સંપર્ક કરી તેમની મદદ લેવા તેમજ ટ્રાફીક પોલીસ સાથે સંકલન કરીને ઝુંબેશ કરવાની રહેશે.

સહી/-
(અરવિંદ અગ્રવાલ)
વાહન વ્યવહાર નિયામક,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

રવાના કરવા અધિકૃત

સંયુકત વાહનવ્યવહાર નિયામક,
ગુ.રા. અમદાવાદ.

વી/૧૬૧૨૯૬.